# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૬૧ તા. ૦૩-૦૩-૨૦૧૬

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, પ્રાથમિક શાળાઓમાં બાળકોને પ્રવૃત્તિ સાથે શિક્ષણ મળે, બાળકો રમતા રમતા પણ ગમ્મત સાથે જ્ઞાન મેળવે અને ખાસ કરીને બાલા પ્રોજક્ટ અંતર્ગત શાળાની દિવાલો બાળકોને શિખવા માટે ઉત્તમ શૈક્ષણિક ઉપકરણ બની શકે તે માટે રાજ્યમાં તબક્કાવાર સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બાલા પ્રોજેક્ટ અંતર્ગત પ્રાથમિક શાળાઓને સજ્જ કરવામાં આવી રહી છે.

બાલા પ્રોજેક્ટ સફળતાને ધ્યાને લઇ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનને આ માટે પ્રથમ તબક્કામાં ૧૦૦ જેટલી શાળાઓની પસંદીત બાલા શાળા તરીકે કરીને SSAના T.R.P./D.P.E. ના સર્વે અનુસાર રૂા.૨.૧૦ કરોડની ગ્રાન્ટ જે-તે શાળાના બેંક ઓફ ઇન્ડિયા,ભદ્રના ખાતામાં જરૂરીયાત મુજબની રકમ જમા કરવામાં આવેલ છે.

આ ૧૦૦ શાળાઓ પૈકી બાલા પ્રોજેક્ટને અનુરૂપ રીનોવેશન કરાવવાની જરૂરીયાતવાળી ૩૭ જેટલી બાલા શાળાઓ માટે શાળા બિલ્ડીંગને રીનોવેશન કરવા માટે રૂા. ૧,૦૮,૨૩,૯૯૩/- (અંકે રૂપિયા એક કરોડ આઠ લાખ ત્રેવીસ હજાર નવસો ત્રાણું) પૂરાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે. જેને જે-તે શાળાના બેંક ઓફ ઇન્ડિયા,ભદ્રના ખાતામાં રૂા.૧,૦૮,૨૩,૯૯૩/-ના ૭૫% લેખે પ્રથમ તબક્કામાં રકમ ક્રેડિટ આપવામાં આવેલ છે.બાકીના ૨૫% રકમ નીચેની શરતોને આધિન આપવામાં આવશે.

ઉપરોક્ત બાલા પ્રોજેક્ટ અને શાળા રીનોવેશન માટે લાગુ પડતી શાળાઓએ SSAના T.R.P./D.P.E. ના માર્ગદર્શન પ્રમાણે નીચે મુજબની કાર્યવાહી તેમજ કામગીરી કરવાની રહેશે.

- બાલાકાર્ય માટે હાલમાં ૧૦૦ શાળાઓને અંદાજિત એસ્ટીમેટના ૧૦૦% રકમ એસએમસી.માં જમા કરાવવામાં આવેલ છે. એસએમસીએ આ ૧૦૦ % રકમના ૭૫% રકમ નક્કી કરી તે ૭૫% રકમના ખર્ચ પૂર્ણ થયા બાદ એસએસએ T.R.P. ઈજનેરશ્રી પાસે ચકાસણી કરાવી લઈ યુટીલાઈઝેશન સર્ટીફિકેટ મેળવીને બાકીની ૨૫% રકમના ખર્ચ માટે T.R.P.શ્રી શાળાને માર્ગદર્શન આપશે.
- બાલા અંતર્ગત રીનોવેશન ગ્રાન્ટ માટે પસંદ થયેલ ૩૭ શાળાઓએ આ ગ્રાન્ટ પૈકી ૭૫% રકમનો પ્રથમ હપ્તો હાલમાં ૩૭ બાલા શાળાઓના બેંક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવેલ છે. બાલા અંતર્ગત રીપેરીંગ કાર્યનો પ્રથમ તબક્કો પૂર્ણ થાય ત્યારે SSAના T.R.P. ઈજનેરશ્રીના ચકાસણી તથા યુટીલાઈઝેશન સર્ટી. D.P.E.પાસે જમા કરાવવામાં આવશે. T.R.P.શ્રી બાકીના કામ માટે જરૂરિયાત અનુસાર બીજા હપ્તાની ૨૫% રકમ પૈકીની રકમ ફાળવવા માટે દરખાસ્ત કરશે. D.P.E., T.R.P. ના વેલ્યુએશન અને ચકાસણી કર્યા પછીના બીજા હપ્તાની ૨૫% રકમ પૈકીની રકમ ફાળવવા માટે અત્રેની કચેરીએ દરખાસ્ત કરશે.
- બાલા પ્રોજેક્ટ અંતર્ગત રૂા.૨.૧૦ કરોડની ગ્રાન્ટ સ્કૂલ બોર્ડના સને ૨૦૧૫-૧૬ ના બજેટ હેડ-૩૬ 'બાલા/પ્રજ્ઞા પ્રોજેક્ટ' ખાતે રૂા.૨૧૦ લાખની જોગવાઇ હેઠળ કરવામાં આવેલ તેમજ શાળા રીનોવેશન અંતર્ગત રૂા.૧,૦૮,૨૩,૯૯૩/- ની ગ્રાન્ટ સ્કૂલ બોર્ડના સને ૨૦૧૫-૧૬ ના બજેટ હેડ-૨૭ ' સુંદર-સુરક્ષિત ગ્રીન સ્માર્ટ, સ્પોર્ટસ સંકુલ / સજ્જ વર્ગખંડ સરસ્વતી સાધના કેન્દ્ર -સંશોધન' ખાતે રૂા. ૩૫૦ લાખની જોગવાઇ હેઠળ કરવામાં આવેલ છે. સદર ખર્ચ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નોન ગ્રાન્ટેબલ ખર્ચ તરીકે ફાળવેલ હોવાથી ચાલુ હિસાબી વર્ષ એટલે કે ૩૧ માર્ચ ૨૦૧૬ પહેલાં નિર્ધારીત કામગીરી તથા આનુષાંગિક ખર્ચ પૂર્ણ કરવાનો રહેશે.
- સદર કામગીરી શરૂ કરતા પહેલાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટીની બેઠક બોલાવી તેમાં તમારી શાળામાં 'બાલા પ્રોજેક્ટ' અને શાળા રીનોવેશન કરાવવા અંગેની કામગીરીની રૂપરેખા અને આનુષાંગિક ખર્ચ અંગેની નક્કી કરેલ એસ્ટીમેટ મુજબની રકમની મર્યાદામાં ખર્ચ કરવા તેમજ સદર કામગીરી બાલા પ્રોજેક્ટની કામગીરીના

અનુભવી એવા કુશળ કારીગરોને સોંપવાની રહેશે. તેમજ સદર કામગીરીની ગુણવત્તા જળવાઈ રહે તે જોવાની જવાબદારી એસ.એમ.સી.ની તેમજ સચિવ સભ્ય તરીકે જે-તે શાળાના મુખ્ય શિક્ષકશ્રીની રહેશે.

- જે-તે બાલા શાળા માટે શાળાવાર અંદાજિત એસ્ટીમેટ નક્કી કરવામાં આવેલ છે.
- તમારી શાળામાં બાલા પ્રોજેક્ટ અને શાળા રીનોવેશન કરાવવા અંગેની એસ્ટીમેટની કામગીરીની આઇટમમાં જો કોઇ ફેરફાર કરવા હિતાવહ જણાય તો તે અંગે SSAના T.R.P./D.P.E.નું ધ્યાન દોરી તેઓના માર્ગદર્શન પ્રમાણે કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે, પરંતુ આ અંગે એસએમસી.ની બેઠક બોલાવી ફેરફારની મંજૂરી લેવાની રહેશે.
- એસ્ટીમેન્ટ અનુસાર કાર્ય માટે દરેક બાલા શાળાઓ, શાળા કક્ષાએ એસ.એમ.સી. બેઠકમાં સદર કાર્યને રજૂ કરી તે કાર્ય કરવા માટેનો નિયત ઠરાવ કરવાનો રહેશે. એસએમસી. આ કાર્ય માટે તેની કક્ષાએથી એજન્સી નક્કી કરીને તેની સાથે T.R.P. ના માર્ગદર્શન હેઠળ એક MOU કરશે.
- આ કાર્ય માટે એસએમસીઅને SSA ના સિવિલ વર્ક અંગેની નિયત ધારા-ધોરણ અને નીતિ-નિયમોનું પાલન કરવાનું રહેશે.આ માટે T.R.P.શ્રીનું માર્ગદર્શન મેળવવાનું રહેશે.
- જે શાળાને માત્ર બાલા સંદર્ભની ગ્રાન્ટ આપવામાં આવેલ છે તે શાળાએ બાલાકાર્ય સંદર્ભનું એમઓયુ તથા એસએમસી. ઠરાવ કરવાનો રહેશે. જયારે જે શાળાને બાલાકાર્ય તથા તે અંતર્ગત રીનોવેશન ફાળવવામાં આવેલ છે તે શાળાએ બાલા માટે તથા રીનોવેશન માટે બે અલાયદા એમઓયુ તથા ઠરાવ કરવાના રહેશે.
- કરેલ ખર્ચના બિલો સાથેની ફાઇલ અલગથી નિભાવવાની રહેશે.
- સદર કામગીરીનું ઓડિટ પણ થશે. તેથી ઓડિટ કરાવવાની જવાબદારી જે-તે શળાના મુખ્ય શિક્ષકશ્રીની રહેશે.
- આ કાર્ય અંતર્ગત નાયબ શાસનાધિકારીશ્રી/આસિ.એ.ઓ.શ્રી/સુપરવાઇઝરશ્રીઓની/જિલ્લા ઈજનેર SSAની ભૂમિકા-
  - બાલા પ્રોજેક્ટ અને શાળા રીનોવેશન કરાવવા અંગે નક્કી થયેલ એસ્ટીમેટ, આકૃત્તિઓ અને સૂચનો મુજબ ગુણવત્તાસભર કામગીરી થઇ રહી છે કે નહિં તે અંગે નિયમિત દેખરેખ રાખવાની રહેશે.
  - બાલા પ્રોજેક્ટ અને શાળા રીનોવેશનની કામગીરીની પ્રગતિનું મૂલ્યાંકન તેમજ સમસ્યાઓનું નિરાકરણ કરવાનું રહેશે. આ અંગે SSAના T.R.P. તેમજ મુખ્ય શિક્ષકશ્રીઓ સાથે સમયાંતરે મિટીંગ યોજવી.
  - તમારા ઝોન તાબા હસ્તકની મ્યુનિ. શાળાઓમાં બાલા પ્રોજેક્ટ અને શાળા રીનોવેશનની કામગીરી જો નક્કી કરેલ એસ્ટીમેટ પ્રમાણે અપાયેલ સૂચના મુજબ ગુણવત્તાસભર ન થતી હોય તો કામગીરી સ્થગિત કરી સક્ષમસત્તાને તે અંગેની જાણ કરવાની રહેશે.

તા. ૦૩-૦૩-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી